eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 89
February 9, 2007

## સુરત મહાનગરપાલિકા – જાહેરનામું

આથી હું વત્સલા વાસુદેવા, (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત સને ૧૯૪૯ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાની કલમ ૨૩૬(૧) (૨)થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, રાંદેર ઝોનના અડાજણ વિસ્તારમાં ગુજરાત ગેસ સર્કલ પાસે ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી હોવાથી તા. ૮–૨–૨૦૦૭ થી તા. ૭–૪–૨૦૦૭ સુધી નીચે જણાવેલ રસ્તાઓ પર વાહન વ્યવહારની વ્યવસ્થા નીચે મુજબની રહેશે. સદર કામ પૂર્ણ થયેથી વાહનોની અવરજવર માટે રાબેતા મુજબના રસ્તાઓ ખુલ્લા મુકવામાં આવશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

વધુ માટે કલીક કરો >>>>>>

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" સુરત મહાનગરપાલિકા તા. ૧૧–૨–૨૦૦૭ થી તા. ૧૪–૨–૨૦૦૭ દરમ્યાન ૫ વર્ષ સુધીના ચાર લાખ સત્તાવન હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે



નાના બાળકોમાં થતી તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર ધ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષ થી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષ નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની ૩૪મી નાટય સ્પર્ધાનો થનારો પ્રારંભ

સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રતિ વર્ષ યોજાતી ત્રિઅંકી નાટય સ્પર્ધા આ વર્ષે તા. ૭–૨–૨૦૦૭ થી તા. ૧૪–૨–૨૦૦૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે યોજાશે. ૩૪મી નાટય સ્પર્ધાની આ શ્રેણીમાં શહેરની કુલ ૮ નાટય સંસ્થાઓના નાટકો સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. નાટય સ્પર્ધા તા. ૭–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રીના વરદહસ્તે રાત્રે ૮.૪૫ કલાકે ખુલ્લી મુકાશે. તા. ૧૪–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે નાટય સ્પર્ધાનો સમાપન સમારંભ તથા ઈનામ વિતરણ યોજાશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જાન્યુઆરી ૨૦૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ



સ્મીમેર હોસ્પીટલમાં જાન્યુઆરી માસ દરમ્યાન ૧૧૨૮૮ ઈન્ડોર તથા ૩૫૫૪૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૫૫ તથા ૫૧૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૪૮૪૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૩૩ અને જુના ૫૩૭ દર્દીઓ સહિત કુલ ૭૭૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૦૩૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા

## જાહેરનામું

આથી હું વત્સલા વાસુદેવા, (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત સને ૧૯૪૯ની મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાની કલમ ૨૩૬(૧) (૨)થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, રાંદેર ઝોનના અડાજણ વિસ્તારમાં ગુજરાત ગેસ સર્કલ પાસે ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી હોવાથી તા. ૮–૨–૨૦૦૭ થી તા. ૭–૪–૨૦૦૭ સુધી નીચે જણાવેલ રસ્તાઓ પર વાહન વ્યવહારની વ્યવસ્થા નીચે મુજબની રહેશે. સદર કામ પૂર્ણ થયેથી વાહનોની અવરજવર માટે રાબેતા મુજબના રસ્તાઓ ખુલ્લા મુકવામાં આવશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

(અ) ભુલકાભવન ત્રણ રસ્તા જંકશનથી ગુજરાત ગેસ સર્કલ તરફ જતા વાહનો સ્થળ પર કરવામાં આવનાર વ્યવસ્થા મુજબ સીધા સરદાર પુલ ઉપર જઈ શકશે પરંતુ કૃષ્ણનગર અને અડાજણ પાટીયા તરફ જઈ શકશે નહી. કૃષ્ણનગર અને અડાજણ પાટીયા તરફ જવા માટે ભુલકાભવન ત્રણ રસ્તા, આનંદમહલરોડ–જશવંતીનગર–કૃષ્ણનગર–ઋષભ ચાર રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(બ) કૃષ્ણનગર થી ગુજરાત ગેસ સર્કલ તરફ જતા વાહનો અડાજણ પાટીયા સરદાર પુલની નીચેના રસ્તે તેમજ સરદાર પુલ ઉપર જઈ શકશે, પરંતુ અડાજણ ગામ તરફ જઈ શકશે નહી. અડાજણ ગામ જવા માટે સરદાર પુલની નીચે થઈ કાવશજીનગર–મોરારજી ગાર્ડન–આરઝીઝ કલબ થઈ અડાજણ ગામ જઈ શકશે.

(ક) અડાજણ પાટીયાથી ગુજરાત ગેસ સર્કલ તરફ જતા વાહનો સરદાર પુલની નીચે તેમજ સરદારપુલની ઉપર જઈ શકશે, પરંતુ અડાજણ ગામ કે કૃષ્ણનગર તરફ જઈ શકશે નહી. અડાજણ ગામ જવા માટે સરદારપુલની નીચે થઈ કાવશજીનગર–મોરારજી ગાર્ડન– આરઝીઝ કલબ થઈ અડાજણ ગામ જઈ શકશે. જયારે કૃષ્ણનગર જવા માટે ઋષભ ચાર રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

(ડ) સરદાર પુલ ઉપરથી ગુજરાત ગેસ સર્કલ તરફ આવતા વાહનો સ્થળ પર કરવામાં આવનાર વ્યવસ્થા પ્રમાણે ભુલકાભવન ત્રણ રસ્તા તરફ જઈ શકશે, પરંતુ કૃષ્ણનગર તેમજ અડાજણ પાટીયા જઈ શકશે નહી. કૃષ્ણનગર તરફ જવા માટે ભુલકાભવન–આનંદમહલ–જશવંતીનગર થઈ જવાનું રહેશે. જયારે અડાજણ પાટીયા તરફ જવા માટે વિજય ડેરીથી સરદારપુલની નીચેના રસ્તે થઈ જવાનું રહેશે અથવા ભુલકાભવન–આનંદમહલ રોડ, જશવંતીનગર થઈ જવાનું રહેશે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

TOP

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" સુરત મહાનગરપાલિકા તા. ૧૧–૨–૨૦૦૭ થી તા. ૧૪–૨–૨૦૦૭ દરમ્યાન ૫ વર્ષ સુધીના ચાર લાખ સત્તાવન હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે



નાના બાળકોમાં થતી તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર ધ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષ થી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષ નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે.

**સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાળલકવાનો છેલ્લો પોઝીટીવ કેસ માહે, ફેબ્રુઆરી–૧૯૯૯માં નોંધાયો હતો, ત્યારબાદ આજ સુધી બાળલકવાનો એક પણ પોઝીટીવ કેસ જણાયો નથી.**

સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં ૨૭ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટરો (શહેરી આરોગ્ય કેન્દ્રો) પર આ માટે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) નકકી કરવામાં આવ્યા છે. કાર્યક્રમના પ્રથમ દિવસે રસીકરણ કેન્દ્ર પર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે (સેન્ટ્રલ ઝોન સિવાય) આરોગ્ય કાર્યકરો ઘરે ઘરે ફરીને પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવશે. સમગ્ર કાર્યક્રમમાં ૫૫ મેડીકલ ઓફિસરો, ૩૫૦ સુપરવાઈઝરો, ૧૭૬૫ પેરામેડીકલ વર્કરો તથા ૩૫૩૦થી વધુ સહાયક કર્મચારીઓ મળી કુલ ૫૭૦૦ થી વધુ કર્મચારીઓ ભાગ લેશે. કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ઉપરાંત સ્મીમેર મેડીકલ કોલેજ, ગવર્નમેંટ મેડીકલ કોલેજ, ફીઝીયોથેરાપી કોલેજ–ઉગત, હોમીયોપેથી, આયુર્વેદીક કોલેજના તબીબી સ્ટુડન્ટસ, ગવર્નમેંટ મેડીકલ કોલેજ, લોખાત હોસ્પિટલ, મિશન હોસ્પિટલ, જયદિપ શારદા મેમોરીયલ નર્સીંગ એકેડેમી, અશકતાશ્રમ હોસ્પિટલનાં નર્સીંગ સ્ટુડન્ટસ, સુરત જનરલ હોસ્પિટલનાં નર્સ બહેનો, પી.એસ.એચ., આઈ.સી.ડી.એસ., યુ.સી.ડી.ના કાર્યકરો, નિરવ મહિલા મંડળનાં બહેનો, નવસર્જન ટ્રસ્ટ, સેનેટરી ઈન્સ્પેકટર કોલેજના સ્ટુડન્સ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સ્વયં–સેવકો કાર્યક્રમમાં સહભાગી થશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, માજી. મ્યુ. સદસ્યશ્રીઓ, સ્થાનિક કાર્યકરો, વર્તમાન પત્રના તંત્રીશ્રીઓ, સ્થાનિક ચેનલો, સીનેમા ગૃહો તથા સેવાભાવી સંસ્થાઓને કાર્યક્રમમાં સહભાગી થઈ અગાઉની જેમ સહકાર આપી આ રાષ્ટ્રિય કાર્યક્રમને સફળ બનાવવા માટે વિનંતી કરવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પંકજ જોષીનાં આદેશાનુસાર ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો. આઈ. સી. પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી શ્રી ડો. હેમંત દેસાઈ ધ્વારા કરવામાં આવ્યું છે.

**નોંધઃ– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના ૫ વર્ષ સુધીના તમામ બાળકોને તા. ૧૧–૨–૨૦૦૭ના રોજ આપના રહેઠાણ નજીકના રસીકરણ કેન્દ્ર પર પોલીયોની રસી અવશ્ય પીવડાવો. બાળકને સામાન્ય તાવ, શરદી કે ઝાડા જેવી બિમારી હોય તો પણ.**

TOP

## સુરત મહાનગરપાલિકાની ૩૪મી નાટય સ્પર્ધાનો થનારો પ્રારંભ

સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રતિ વર્ષ યોજાતી ત્રિઅંકી નાટય સ્પર્ધા આ વર્ષે તા. ૭–૨–૨૦૦૭ થી તા. ૧૪–૨–૨૦૦૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે યોજાશે. ૩૪મી નાટય સ્પર્ધાની આ શ્રેણીમાં શહેરની કુલ ૮ નાટય સંસ્થાઓના નાટકો સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. નાટય સ્પર્ધા  તા. ૭–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રીના વરદહસ્તે રાત્રે ૮.૪૫ કલાકે ખુલ્લી મુકાશે. તા. ૧૪–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે નાટય સ્પર્ધાનો સમાપન સમારંભ તથા ઈનામ વિતરણ યોજાશે. જેમાં પ્રમુખ તરીકે મા. મેયરશ્રી કનુભાઈ માવાણી તથા અતિથિવિશેષ પદે ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ પધારશે. આ નાટય સ્પર્ધામાં નીચે મુજબની કૃતિઓ રજુ થશે.

**–:: ૩૪મી નાટય સ્પર્ધાનો કાર્યક્રમ ::–**

| નાટકનો ક્રમ | નાટકની તારીખ | નાટકનું નામ | નાટય સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|
| ૧. | ૭–૨–૨૦૦૭ | થેંકયુ બાબા લોચનદાસ | રાજ ગૃપ થિયેટર એન્ડ પરફોર્મીગ આર્ટસ | રાજેશ પાડેંય |
| ૨. | ૮–૨–૨૦૦૭ | ચાલ અઢિ પગલાંની | દિપ આર્ટસ | જય દીક્ષિત |
| ૩. | ૯–૨–૨૦૦૭ | ઈસ મઝધાર મેં | સંભવ ગૃપ | વિશાલ આઈ. જરીવાલા |
| ૪. | ૧૦–૨–૨૦૦૭ | દિલ છે હિન્દુસ્તાની | પંકજ પાઠકજી પ્રેઝન્ટસ | પંકજ પાઠકજી |
| ૫. | ૧૧–૨–૨૦૦૭ | એક સપનું બડું શૈતાની | એચ. કે. આર્ટસ | કપિલદેવ શુકલ |
| ૬. | ૧૨–૨–૨૦૦૭ | કાઉન્ટ ડાઉન | સુરત કલ્ચર એકેડમી | પ્રકાશ મહેતા |
| ૭. | ૧૩–૨–૨૦૦૭ | સાઈ સબ કા માલીક | સમાંતર થિયેટર | કેતન રાઠોડ |
| ૮. | ૧૪–૨–૨૦૦૭ | એક છલના નામે જીંદગી | આશિયાના પરિવાર | કશ્યપ જોષી |

TOP

## માહે જાન્યુઆરી ૨૦૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ



સ્મીમેર હોસ્પીટલમાં જાન્યુઆરી માસ દરમ્યાન ૧૧૨૮૮ ઈન્ડોર તથા ૩૫૫૪૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૫૫ તથા ૫૧૫ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૪૮૪૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૩૩ અને જુના ૫૩૭ દર્દીઓ સહિત કુલ ૭૭૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૦૩૨ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૨૮૦ તથા આંખ વિભાગમાં ૨૫૩૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૮૫૧૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમવર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP